NCS Code: 5113.0100, CCode: HT01

# ટ્રાવેલ કન્સલટન્ટ (પ્રવાસ સલાહકાર)

ટ્રાવેલ કન્સલ્ટન્ટ એક એવા વ્યાવસાયિક છે જે ટ્રાવેલ એજન્સીઓ અથવા ટૂર કંપનીઓ માટે કામ કરે છે. તેઓ ગ્રાહકોના બજેટ અને રૂચિના આધારે અલગ-અલગ ટૂર પૅકેજ તૈયાર કરે છે અને તેને લગતી વ્યવસ્થા કરે છે. તેઓ પ્રવાસને લગતા તમામ પાસાઓ જેમ કે ટિકિટ બુકિંગ તેમજ રહેવાની વ્યવસ્થા સહિતની બાબતોની ગોઠવણ કરે છે.

## વ્યક્તિગત નિપુણતા

- તમને વિવિધ સ્થળો અને સંસ્કૃતિઓનું અન્વેષણ કરવાનું ગમે છે
- તમે પ્રવાસનમાં રૂચિ ધરાવો છો
- તમે એક કુશળ સંવાદકર્તા છો
- તમને ટીમમાં કામ કરવું ગમે છે



આ અભ્યાસક્રમની ફી આશરે **રૂ. ૪૦,૦૦૦ થી ૩,૦૦,૦૦૦*** જેટલી હોય છે.

*આ અંદાજિત રકમ છે અને વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ મુજબ તેમાં ફેરફાર હોય શકે છે.

## શિષ્યવૃત્તિ

- **રાષ્ટ્રીય શિષ્યવૃત્તિ પોર્ટલ - www.scholarships.gov.in** ની મુલાકાત લો. આ પોર્ટલ હેઠળ કેન્દ્ર સરકારના વિવિધ વિભાગો, UGC/AICTE યોજનાઓ તેમજ રાજ્ય દ્વારા અમલમાં મુકવામાં આવેલી યોજનાઓ દ્વારા આપવામાં આવતી સહાય અંગેની માહિતી ઉપલબ્ધ છે.*
- ઉપલબ્ધ શિષ્યવૃત્તિની વિગતો માટે **digitalgujarat.gov.in** ની મુલાકાત લો. ધોરણ XI થી શરૂ થતી શિષ્યવૃત્તિ માટે આ એક પ્રવેશદ્વાર છે.*
- યોગ્યતાના આધારે સંસ્થાઓમાં પણ શિષ્યવૃત્તિ ઉપલબ્ધ છે.*

*(આ શિષ્યવૃત્તિની ઉપલબ્ધતા સમયાંતરે બદલાઈ શકે છે)

## લોન

- વિદ્યાલક્ષ્મી, **www.vidyalakshmi.co.in**, શૈક્ષણિક લોન મેળવવા માંગતા વિદ્યાર્થીઓ માટેનું એક પોર્ટલ છે. આ પોર્ટલ નાણાકીય સેવા વિભાગ, (નાણાં મંત્રાલય), ઉચ્ચ શિક્ષણ વિભાગ (શિક્ષણ મંત્રાલય) અને ઈન્ડિયન બેંક્સ એસોસિએશન (IBA)ના માર્ગદર્શન હેઠળ વિકસાવવામાં આવેલ છે.
- કેટલાક રાજ્યોમાં ઓછા વ્યાજ દરો સાથે વિદ્યાર્થી ક્રેડિટ કાર્ડ ઉપલબ્ધ છે, ઉદાહરણ તરીકે, પશ્ચિમ બંગાળ, ઓડિશા, બિહાર, વગેરે.
- તમામ બેંકો શૈક્ષણિક લોન આપે છે.

## પ્રવેશ માટે...

૧. કોઈપણ વિદ્યાશાખામાં ધો. ૧૨ પૂર્ણ કરો.

૨. ટ્રાવેલ અને ટુરીઝમ મેનેજમેન્ટ (પ્રવાસ અને પર્યટન વ્યવસ્થાપન)માં સ્નાતક (BBA)ની ડિગ્રી મેળવો. **અથવા**

કોઈ પણ વિષયમાં સ્નાતકની ડિગ્રી પૂર્ણ કર્યા બાદ, ટ્રાવેલ અને ટુરીઝમ મેનેજમેન્ટમાં MBAની ડિગ્રી મેળવો. **અથવા**

ટ્રાવેલ અને ટુરીઝમ મેનેજમેન્ટમાં ડિપ્લોમા કરો.

કૃપા કરીને નોંધણી દરમિયાન અભ્યાસક્રમનો સમયગાળો તપાસો.

## અપેક્ષિત આવક

*અહી આપલે આંકડા એન.સી.એસ.માંથી લેવામાં આવેલ છે. આકંડાઓ ફક્ત સૂચક છે અને ફેરફારને પાત્ર છે.

ટ્રાવેલ કન્સલટન્ટનું માસિક પગાર દર મહિને આશરે **રૂ. ૨૯,૦૦૦ થી ૪૫,૦૦૦*** જેટલો હોય છે.

સ્રોત: https://bit.ly/3GcUUKK

## તમે ક્યાં કામ કરશો?

**કાર્યસ્થળ :** ટૂર કંપનીઓ (ખાનગી અને સરકારી), હોટેલોમાં આવેલા ટૂર ડેસ્ક, ટ્રાવેલ એજન્સીઓ વગેરે.

**ઉદ્યોગ સાહસિકતા:** થોડા વર્ષોના અનુભવ પછી તમે તમારી પોતાની ટ્રાવેલ/ટૂર કંપની પણ શરૂ કરી શકો છો.

**કાર્યસ્થળનું વાતાવરણ:** આ નોકરીમાં ફક્ત ઓફિસમાં બેસીને જ કામકાજ કરવાનું બનતું નથી, પરંતુ મુસાફરી કરાવાનું પણ બને છે. તેમાં અનિયમિત અને વધુ સમય સુધી કામ કરવું પડી શકે છે. એક કરતાં વધુ ભાષાઓની જાણકારી વધુ લાભકારક છે.

આ ક્ષેત્રમાં દિવ્યાંગ લોકો માટે કામ કરવાની તકો ઉપલબ્ધ છે.

## અપેક્ષિત પ્રગતિ પથ

ટ્રાવેલ કન્સલ્ટન્ટ → ટ્રાવેલ સિનિયર કન્સલ્ટન્ટ → મેનેજર, ટ્રાવેલ ઓપરેશન્સ

**સર્ચ માટેના કીવર્ડ્સ ...**

ટ્રાવેલ એજન્સી, ટૂર મેનેજર, ટ્રાવેલ મેનેજર

## તમે અભ્યાસ ક્યાં કરશો?

**આ અભ્યાસક્રમ ટુરીઝમ અને ટ્રાવેલ વિભાગ દ્વારા ઉપલબ્ધ કરાવવામાં આવે છે.** સંસ્થાઓની અહી આપેલ યાદી માત્ર સૂચક છે.

**સરકારી સંસ્થાઓ**

૧. આઈ.એચ.એમ, સેલવાસા
૨. ઇન્ડિયન ઇન્સ્ટિટ્યુટ ઓફ ટુરીઝમ એન્ડ ટ્રાવેલ મેનેજમેન્ટ, ગ્વાલિયર
૩. આઈ.એચ.એમ, અમદાવાદ
૪. નેશનલ ઇન્સ્ટિટ્યુટ ઓફ ટુરીઝમ એન્ડ હોસ્પિટાલિટી મેનેજમેન્ટ, હૈદરાબાદ
૫. જવાહરલાલ નેહરુ રાજકિય મહાવિદ્યાલય, પોર્ટ બ્લેર
૬. બી.કે.એન.એમ.યુ, ખેડા
૭. મહારાષ્ટ્ર સ્ટેટ ઇન્સ્ટિટ્યુટ ઑફ હોટેલ મેનેજમેન્ટ એન્ડ કેટરિંગ ટેકનોલોજી, પુણે
૮. એમ.એસ.યુ, વડોદરા

**ખાનગી સંસ્થાઓ**

(અરજી કરતા પહેલા તપાસ કરો કે શું સંસ્થા યુ.જી.સી. સાથે સંલગ્ન અને માન્યતા પ્રાપ્ત છે કે નહી)

૧. આઈ.આઈ.એચ.એમ, અમદાવાદ
૨. એન.એસ.એચ.એમ. નોલેજ કેમ્પસ, કોલકાતા
૩. આઈ.ટી.એમ.વી.યુ, વડોદરા
૪. ભોપાલ સ્કૂલ ઓફ સોશિયલ સાયન્સ, ભોપાલ
૫. સુભાષ બોઝ ઇન્સ્ટિટ્યુટ ઑફ હોટેલ મેનેજમેન્ટ, કોલકાતા
૬. આઇ.સી.એફ.એ.આઇ. યુનિવર્સિટી, હિમાચલ પ્રદેશ
૭. ડૉ ડી.વાય. પાટીલ યુનિવર્સિટી, નવી મુંબઈ
૮. એ.પી.આઈ.એમ, અમદાવાદ

સંસ્થાઓના રેન્કિંગ અંગેની માહિતી અહીં ઉપલબ્ધ છે - https://www.nirfindia.org/2022/Ranking.html

**ડિસ્ટન્સ લર્નિંગ ઇન્સ્ટિટ્યુટ**

- ઈન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી (IGNOU)
- ડૉ. બી. આર. આંબેડકર ઓપન યુનિવર્સિટી

**ઓનલાઈન અભ્યાસક્રમો**

- NPTEL Swayam - https://onlinecourses.swayam2.ac.in/cec20_ge19/preview
- www.skillindiadigital.gov.in
- www.ncs.gov.in
- mybharat.gov.in
- https://anubandham.gujarat.gov.in

NPTEL-નેશનલ પ્રોગ્રામ ઈન ટેકનોલોજી એન્હાન્સ્ડ લર્નિંગ. તે ભારત સરકાર દ્વારા તૈયાર કરાવવામાં આવેલ છે જે ઓડિયો-વિડીયો સ્વરૂપમાં વિવિધ અભ્યાસક્રમો ઉપલબ્ધ કરાવે છે.

મને સ્કેન કરો

વેબસાઈટ પર જુઓ

## સાફલ્ય ગાથા

**વિલક્ષણા ત્યાગી** ન્યૂયોર્ક સ્થિત કંપાસ ઈન્ડિયામાં ટ્રાવેલ કન્સલ્ટન્ટ છે. અગાઉ, તેણી ઈન્ટરસાઈટ ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ, ઈન્ડિયામાં ટ્રાવેલ કન્સલ્ટન્ટ તરીકે ફરજ બજાવતા હતા. તેણીએ દેવ સંસ્કૃતિ વિશ્વવિદ્યાલય, ઉત્તરાખંડમાંથી પ્રવાસન અને યાત્રા સેવા વ્યવસ્થાપનમાં અનુસ્નાતકની પદવી હાંસલ કરી છે.*

સ્રોત: https://www.zoominfo.com/p/Vilakshna-Tyagi/-1622842155

*ઉપરોક્ત માહિતી ફક્ત તાલીમ હેતુઓ માટે છે અને તેનો ઉપયોગ કોઈપણ વ્યાવસાયિક લાભ માટે કરવામાં આવશે નહીં.